For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારી-કર્મચારીની ઓળખ આપી ત્રણ દુકાનોના બાનાખત કરી આપ્યા

PM આવાસ યોજનાની દુકાનોના નામે ભાજપના નેતા પુત્ર સહિતની ત્રિપુટી દ્વારા ૩.૨૩ લાખની ઠગાઈ

વેચાણ દસ્તાવેજ ન થતાં ચેક આપ્યા તે પણ બાઉન્સ થયા.

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

વડોદરામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાની દુકાનો અપાવવાના નામે બે મહિલાઓ સાથે ભાજપના નેતાના પુત્ર સહિતની ત્રિપુટી દ્વારા રૂ.23 લાખની છેતરપિંડી આચરવામાં આવી છે. ગોરવા વિસ્તારમાં સ્વામી વિવેકાનંદ હાઈટ્સ ખાતે આવેલી આવાસ યોજનાની ત્રણ દુકાનો વેચાણ આપવાની લાલચ આપી ત્રણ શખ્સોએ પોતે ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારી અને વહીવટકર્તા હોવાની ઓળખ આપી હતી. દુકાનોના બાનાખત કરી આપવાના બહાને ઓનલાઈન અને રોકડ મળી કુલ રૂ.23 લાખ મેળવી લીધા હતા. જોકે, લાંબો સમય વીતી જવા છતાં વેચાણ દસ્તાવેજ કરી આપ્યા ન હતા. નાણાં પરત માંગતાં રૂ.15 લાખ અને રૂ.8 લાખના ચેક આપ્યા હતા, જે બેંકમાં જમા કરાવતાં બાઉન્સ થતાં સમગ્ર ઠગાઈનો ભાંડો ફૂટ્યો હતો.

છાણી જકાતનાકા પાસે રહેતાં રંજનબેન શર્મા તેમના પતિ સંજયકુમાર શર્માની ગાયત્રી સોડા શોપ પર આવતા રોહન સોલંકીએ તેમના મિત્ર પાસે પ્રધાનમંત્રી આવાસ યોજનાની દુકાનો વેચવાની હોવાનું જણાવ્યું હતું. ત્યારબાદ માર્ચ-2025માં રોહનની સુભાનપુરા સ્થિત ઓફિસે મુલાકાત દરમિયાન રાકેશકુમાર જોષી અને જીલ અશોક બારોટ સાથે ઓળખાણ કરાવી હતી. રાકેશ જોષી ગુજરાત હાઉસિંગ બોર્ડના અધિકારી અને જીલ બારોટ વહીવટકર્તા હોવાનું કહી વિશ્વાસમાં લીધા હતા.

ઠગ ત્રિપુટીએ ગોરવા ટીપી-10, એફપી-118 ખાતે આવેલી સ્વામી વિવેકાનંદ હાઈટ્સની દુકાન નં. 22 અને 23 રંજનબેનને તથા દુકાન નં. 19 તેમના ભાભી સુમનબેનને બતાવી હતી. એક દુકાનની કિંમત રૂ.11 લાખ નક્કી કરવામાં આવી હતી. ત્યારબાદ રંજનબેને ઓનલાઈન રૂ.11 લાખ અને સુમનબેને રૂ.4 લાખથી વધુની રકમ જીલ બારોટના ખાતામાં જમા કરાવી હતી. તા.13 માર્ચે દુકાનોના નોટરી બાનાખત પણ કરી આપવામાં આવ્યા હતા.

ત્યારબાદ દસ્તાવેજ ઝડપથી કરાવી આપવાની લાલચ આપી વધુ નાણાં માંગવામાં આવતાં રંજનબેન અને તેમના પરિવારજનોએ રૂ.8 લાખ રોહન સોલંકીને તથા રૂ.3 લાખ જીલ બારોટને રોકડા આપ્યા હતા. આમ, ત્રણ દુકાનો પેટે રૂ.23 લાખ પડાવી લેવામાં આવ્યા હતા. જોકે, દુકાનોના વેચાણ દસ્તાવેજ કરી આપવામાં આવ્યા ન હતા. નાણાં પરત માંગતાં જીલ બારોટે રૂ.15 લાખનો અને રોહન સોલંકીએ રૂ.8 લાખનો ચેક આપ્યો હતો. બંને ચેક બેંકમાં જમા કરાવતાં બાઉન્સ થયા હતા. આખરે રંજનબેને રોહન સોલંકી, જીલ અશોક બારોટ અને ભાજપ નેતા નો પુત્ર કશ્યપ જોષી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

વોટ્સએપ પર APK ફાઇલ મોકલી ઇન્સ્ટોલ કરાવી

પેન્શન કાર્ડની લાલચ આપી નિવૃત્ત કર્મચારીને ૩.૧૮.૭૪ લાખનો ચૂનો

૧ કલાક ૨૯ મિનિટ સુધી કોલ ચાલુ રાખી છ બેંક ખાતાં અને ક્રેડિટ કાર્ડમાંથી નાણાં ઉપાડ્યાં

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

નિઝામપુરામાં રહેતા બેંક ઓફ ઈન્ડિયાના 72 વર્ષીય નિવૃત્ત કર્મચારીને પેન્શન કાર્ડના લાભની લાલચ આપીને સાયબર ઠગોએ રૂ.18.74 લાખની છેતરપિંડી આચરી છે. ફેસબુક પર જાહેરાત આપ્યા બાદ વોટ્સએપમાં APK ફાઇલ મોકલી મોબાઇલમાં ઈન્સ્ટોલ કરાવી હતી. ત્યારબાદ 1 કલાક 29 મિનિટ સુધી કોલ ચાલુ રાખી વિવિધ પરવાનગીઓ અપાવી હતી.

મહેન્દ્રકુમાર રામજીભાઈ ક્રિશ્ચિયન (ઉ.વ.72) બેંક ઓફ ઈન્ડિયામાંથી નિવૃત્ત થયા છે. ગત 30 જૂને ફેસબુક પર પેન્શન કાર્ડની જાહેરાત જોઈ તેમણે એપ્લાય વિકલ્પમાં નામ અને મોબાઇલ નંબર નોંધાવ્યાં હતાં. બીજા દિવસે ઠગોએ વોટ્સએપ પર પેન્શન કાર્ડ વેરિફિકેશનની APK ફાઇલ મોકલી ઈન્સ્ટોલ કરાવી હતી. દરમિયાન પત્નીના ખાતામાંથી રૂ.4 હજાર કપાતાં શંકા જતાં તેમણે બેંકમાં તપાસ કરાવી હતી. જેમાં છ બેંક ખાતાંમાંથી રૂ.18.50 લાખ અને ક્રેડિટ કાર્ડમાંથી રૂ.24 હજાર મળી કુલ રૂ.18.74 લાખ ઉપડી ગયાનું સામે આવ્યું હતું. આ અંગે 1930 હેલ્પલાઈન પર ફરિયાદ કર્યા બાદ સાયબર ક્રાઇમ પોલીસ સમક્ષ રજૂઆત કરવામાં આવી છે.

ફર્નિચરની બનાવટી ખરીદી બતાવી બેંક સાથે ૩.૪.૩૭ લાખની છેતરપિંડી

બેંક કર્મચારી, શોરૂમ માલિક અને મહિલા એજન્ટની મિલીભગતનો આક્ષેપ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરાના ફતેગંજ વિસ્તારમાં આવેલા ગુજરાત ફર્નિચરના નામે કોટક મહિન્દ્રા બેંક સાથે રૂ.4.37 લાખની છેતરપિંડીનું કૌભાંડ સામે આવ્યું છે. બેંક કર્મચારી, શોરૂમ માલિક અને મહિલા એજન્ટે કથિત મિલીભગતથી આઠ ગ્રાહકોના નામે કન્ઝ્યુમર લોન મેળવી ફર્નિચરના બનાવટી બિલો અપલોડ કર્યા હતા. જોકે, ગ્રાહકોને ફર્નિચરની ડિલિવરી અપાઈ નહોતી.

ગુજરાત ફર્નિચરના માલિક પરવેઝખાન મુન્નવરખાન, બેંક કર્મચારી અંકુરકુમાર વાળંદ અને મહિલા એજન્ટ ફરજાનાબાનુ ચૌહાણે ગ્રાહકો પાસેથી આધારકાર્ડ, પાનકાર્ડ અને બેંકની વિગતો મેળવી હતી. ગ્રાહકોને રોકડની જરૂરિયાતના બહાને ફર્નિચર લોન અપાવવાની લાલચ આપવામાં આવી હતી. બેંક કર્મચારી ગ્રાહકોના ફર્નિચર સાથેના ફોટા અન્ય સ્થળે કે મહિલા એજન્ટના ઘરે પડાવી સિસ્ટમમાં અપલોડ કરતો હતો. બનાવટી બિલો બનાવી લોન મંજૂર કરાવ્યા બાદ રકમ શોરૂમના ખાતામાં જમા કરાવાતી હતી. ગ્રાહકોને લોન રદ થઈ હોવાનું કહી ફર્નિચર પણ અપાયું નહોતું. માર્ચ 2024થી એપ્રિલ 2025 દરમિયાન થયેલી આ છેતરપિંડી અંગે ફરિયાદના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

ધોરણ ૧૦-૧૨ની બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રિયા શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને 12ની ફેબ્રુઆરી 2027માં યોજાનારી બોર્ડ પરીક્ષાના આવેદનપત્રો ભરવાની તારીખો જાહેર કરવામાં આવી છે. વિદ્યાર્થીઓએ 3 ડિસેમ્બરની રાત્રે 12 વાગ્યા સુધી નિયમિત ફી સાથે ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે.

બોર્ડની સૂચના મુજબ ધોરણ 10, સંસ્કૃત પ્રથમા તેમજ ધોરણ 12ના વિજ્ઞાન, સામાન્ય, વ્યવસાયલક્ષી અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી પ્રવાહ સહિત સંસ્કૃત મધ્યમાના વિદ્યાર્થીઓએ ઓનલાઇન અરજી કરવાની રહેશે. નિયમિત વિદ્યાર્થીઓ ઉપરાંત રિપીટર, GSOS રેગ્યુલર, GSOS રિપીટર અને પૃથક કેટેગરીના વિદ્યાર્થીઓ માટે પણ ઓનલાઇન આવેદનપત્ર ભરવું ફરજિયાત છે. કોઈપણ કેટેગરીના વિદ્યાર્થીને આ પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવ્યા નથી.

દિવાળીના તહેવારોને લઈ વાહનોનો ભારે ધસારો

વિવાદોનો પર્યાય બનેલા અટલ બ્રિજ પર ફરી ટ્રાફિકજામ, ચાલકો કલાકો સુધી અટવાયા

બે થી અઢી કિમી સુધી લાંબી કતારો લાગતા વાહનચાલકો પરેશાન



(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વિવાદોનો પર્યાય બનેલા અટલ બ્રિજ પર ફરી એકવાર ભારે ટ્રાફિકજામ સર્જાતા વાહનચાલકોને કલાકો સુધી હાલાકી ભોગવવી પડી હતી. દિવાળીના તહેવારોને લઈ શહેરમાં લોકોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે, જેના કારણે બ્રિજ પર વાહનોની લાંબી કતારો લાગી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, અટલ બ્રિજ પર આજે બે થી અઢી કિલોમીટર જેટલો લાંબો ટ્રાફિકજામ થયો હતો. કલાકો સુધી લોકો ટ્રાફિકમાં ફસાયેલા રહ્યા હતા. ભારે ભીડના કારણે વાહનો ધીમી ગતિએ આગળ વધી રહ્યા હતા, જેનાથી ટુ-વ્હીલર અને કાર ચાલકો સૌથી વધુ પરેશાન થયા હતા. ઉલ્લેખનીય છે કે, અટલ બ્રિજ પર અગાઉ પણ અનેક વખત ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ ચૂકી છે. તહેવારો કે રજાના દિવસોમાં બ્રિજ પર વાહનોનું ભારણ વધી જતા ટ્રાફિકજામ સામાન્ય બની ગયો છે. તંત્ર દ્વારા ટ્રાફિક વ્યવસ્થા માટે કોઈ કાયમી ઉકેલ લાવવામાં ન આવતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

'ગાડીમાં કંઈક થયું છે' કહી રિક્ષા ઊભી રાખી ચાકુ કાઢ્યું

દવા લેવા આવેલી મહિલાને રિક્ષામાં બેસાડી ચાલક દ્વારા ચપ્પુની અણીએ લૂંટ

મહિલાના ગળે ચપ્પુ મૂકી રોકડ અને મોબાઇલ પડાવી લીધાં

અમદાવાદ જેલમાંથી છૂટતાં જ વડોદરામાં લૂંટ કરનાર લૂંટારુ ગણતરીના કલાકમાં ઝડપાયો

અમદાવાદની સાબરમતી જેલમાંથી છૂટ્યાના ગણતરીના દિવસોમાં જ વડોદરા આવી રિક્ષા ચોરી અને સિનિયર સિટીઝન મહિલાને ચપ્પુ બતાવી લૂંટ કરનાર 19 વર્ષીય ગોવિંદ નટને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યો છે. આરોપીએ સમા-હરણી રોડ પરથી રિક્ષા ચોરી કરી હતી અને આજવા રોડથી અક્ષર ચોક જતી મહિલા મુસાફરને અકોટા પાસે ચપ્પુ બતાવી રૂ.5 હજાર તથા મોબાઇલ લૂંટી લીધો હતો. પોલીસે ચોરાયેલી રિક્ષા, મોબાઇલ અને રોકડ સહિત રૂ.2.05 લાખનો મુદ્દામાલ કબજે કરી લૂંટ અને વાહનચોરીના બે ગુના ઉકેલ્યા છે. આરોપી 30 ઓક્ટોબરે જેલમાંથી છૂટ્યો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

દવા લેવા હોસ્પિટલ પહોંચેલી મહિલાને ક્યાં ખબર હતી કે ઘરે જવા માટે પકડેલી રિક્ષામાં જ લૂંટનો ભોગ બનવું પડશે! રિક્ષાચાલકે રસ્તામાં ગાડીમાં ખામી સર્જાઈ હોવાનું બહાનું કાઢી રિક્ષા ઊભી રાખી હતી. ત્યારબાદ ચપ્પુ કાઢી મહિલાના ગળા પર મૂકી રોકડ અને મોબાઇલ લૂંટી ફરાર થઈ ગયો હતો.

પાદરાના મારુતિનગર સોસાયટીમાં રહેતાં 52 વર્ષીય નિતાબા ગોહીલ તા.2 નવેમ્બરે ડાયાબિટીસની દવા લેવા આજવા રોડ પર આવેલી નવજીવન સર્વેશ્વર હોસ્પિટલમાં ગયાં હતાં. ત્યાંથી જમાઈના ઘરે અક્ષરચોક જવા સીધી રિક્ષા ન મળતાં ન્યાયમંદિર જવાનું કહી રિક્ષામાં બેઠાં હતાં. શરૂઆતમાં રૂ.20 ભાડું નક્કી કર્યા બાદ ચાલકે ભગતસિંહ ચોક પાસે અક્ષરચોક સુધીના રૂ.50 માંગતાં તેમણે સંમતિ આપી હતી.

રિક્ષા દાંડિયાબજાર અને નરસિંહ હોમ ચાર રસ્તા થઈ અકોટા સોલાર પેનલ તરફ જતી હતી. રાત્રે આશરે આઠ વાગ્યે નાળા પાસે ચાલકે ગાડીમાં ખામી હોવાનું કહી રિક્ષા ઊભી રાખી હતી. થોડીવારમાં ચપ્પુ લઈને પાછો આવી મહિલાને ધમકાવી રૂ.5 હજાર રોકડા અને આશરે રૂ.2 હજારની કિંમતનો સેમસંગ મોબાઇલ લૂંટી લીધો હતો. ત્યારબાદ મહિલાને નીચે ઉતારી ફરાર થઈ ગયો હતો. આરોપી પિસ્તા રંગનું ટી-શર્ટ પહેરેલો આશરે 20 વર્ષનો યુવક હોવાનું અને રિક્ષાનો નંબર GJ-06-BW-6792 હોવાનું મહિલાએ જણાવ્યું છે. આઘાતને કારણે વિલંબથી ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ શરૂ કરી છે.

પાણીની મુખ્ય લાઈનોના એર વાલ્વ બદલવા ૩.૮૪.૮૯ લાખનો ખર્ચ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણીના મુખ્ય સ્રોતોથી વિતરણ મથકો સુધી પાણી પહોંચાડતી મુખ્ય લાઈનો પર નવા એર વાલ્વ બેસાડવા અને જૂના વાલ્વ બદલવાની કામગીરી હાથ ધરાશે. વર્ષો જૂના અને બિનકાર્યરત વાલ્વને કારણે નવી વ્યવસ્થા ઊભી કરવાની જરૂરિયાત ઊભી થઈ છે.

આ કામગીરી માટે કોર્પોરેશન દ્વારા ટેન્ડર મંગાવવામાં આવ્યાં હતાં. બીજા પ્રયાસે ચાર ઈજારદારોએ રસ દાખવ્યો હતો. જેમાં 'હોનેસ્ટ એન્જિનિયરિંગ'નું રૂ.84,89,699નું ભાવપત્રક મંજૂર કરવા દરખાસ્ત કરવામાં આવી છે. આ રકમ અંદાજિત રૂ.74,63,472 કરતાં 13.75 ટકા વધુ એટલે કે રૂ.10.26 લાખ વધુ છે.

આ ઉપરાંત કામગીરીના સલાહકાર તરીકે 'રાય ઈન્દ્રા પ્રાઇવેટ લિમિટેડ'ને રૂ.85,801 ચૂકવવામાં આવશે. સમગ્ર દરખાસ્ત મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી છે.

દિપાવલી તથા નુતન વર્ષની શુભેચ્છાઓ



"સહકારથી સમૃદ્ધિ " પ્રાપ્ત કરવા ૧૨૬૫૫ Micro ATM, ૧૩૫૦ ATM અને ૧૪૦૦ બ્રાંચો ના માધ્યમથી તમામ ગ્રામ પંચાયતમાં સહકારી બેંકીંગ ટચ પોઈન્ટ ઊભા કર્યા, ૩૪ લાખ નવા એકાઉન્ટ ખુલ્યા, ૧૮.૩૩ લાખ KCC કાર્ડ અને માસિક પ.૨૫ કરોડ ડિજિટલ ટ્રાન્ઝેક્શન મારફત રૂ.૨૧૬૬૩ કરોડ ડિપોઝિટ માં વધારો કર્યો, સરલ કેશ ક્રેડિટ યોજના અમલમાં મુકાઇ, ટેબલેટ થી ઘરેબેઠા બેંકિંગ સેવાઓ પૂરી પાડી.

- આ બેંક રાજ્યની ૧૮ જીલ્લા બેંકો, ૨૦૭ અર્બન બેંકો તેઓની ૨૬૪૭ શાખાઓ, ૨૧૩૯૩ કર્મચારીઓ અને ૧૦૬૦૦ સેવા સહકારી મંડળીઓ મારફત રાજ્યના ૨૮ લાખ ખેડૂતોને પુનઃધિરાણ તથા ૨.૧૬ કરોડ ગ્રાહકોને બેંકીંગ સેવાઓ પૂરી પાડતી શિડ્યુલ્ડ એપેક્ષ બેંક.
- ૨૦ લાખ સાયબર સાથી બુકલેટ મારફતે સાયબર ફ્રોડ અટકાવવાના પ્રયત્નો.
- સહકારી બેંકોના કર્મચારીઓ માટે સહકાર રમતોત્સવનું આયોજન.
- ઓનલાઇન અને ઓફલાઇન ટ્રેનિંગ મારફત કર્મચારીઓને અપગ્રેડ કરાયા.
- ખેડૂતો, જિલ્લા બેંકો, અર્બન બેંકોને સાથે રાખી કોર્પોરેટ કલ્ચર અપનાવાયું.
- આ બેંક રાજ્યની ૧૭૦ જેટલી જીલ્લા / અર્બન બેંકોને ટેકનોલોજી અમ્બ્રેલા હેઠળ સબ મેમ્બરશીપ આપીને અંદાજે ૨.૧૬ કરોડ થી વધુ ગ્રાહકોને UPI QR Code, BBPS, AePS, RTGS/NEFT, CTS, ATM, POS/E-COM, UPI, IMPS, NACH, CSGL, ઇન્સ્યુરન્સ તથા અન્ય સર્વિસ વિના મૂલ્યે આપી રહી છે.
- " A A " ક્લાસ કરન્સી ચેસ્ટ, જાપાનની રોબોટીક ટેકનોલોજી સભર "AutoVault", ફાર્મર્સ હોસ્ટેલ, ૫૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતું ઓડીટોરીયમ, તાલીમ માટે એકતાનગર ખાતે સરદાર પટેલ "સહકાર ભવન" તથા ૩૩ બ્રાંચોનું નેટવર્ક ધરાવતી બેંક.

છેલ્લા ઘણા વર્ષોથી વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓ જેવી કે નાબાર્ડ, એન.પી.સી.આઇ, નાફ્સ્કોબ તરફથી સતત એવોર્ડ મેળવતી બેંક.

અમદાવાદ | ગાંધીનગર | બોટાદ જિલ્લાના કાર્યક્ષેત્રના તમામ ગામોના લોકોને નજીકના સ્થળેથી **બેંકિંગ સેવાઓ મળી રહે તે માટે ૧૨૨૯ માઈક્રો એ.ટી.એમ., , ૧૫૦ ઓનસાઈટ / ઓફસાઈટ એ.ટી.એમ. અને ૨૦૮ બ્રાંચો સાથે દરેક ગ્રામપંચાયતને બેંકિંગ ટચ પોઈન્ટ દ્વારા બેંક બ્રાન્ચ જેવી સેવાઓ પૂરી પાડતી બેંક**

ટેકનોલોજી ક્ષેત્રે આધુનિક બેન્કિંગ પધ્ધતિઓનો અમલ કરી સહકારના મૂલ્યો જાળવી રાખી **'કો ઓપરેટીવ થી કોર્પોરેટ'** તરફની સફરને સફળતા પૂર્વક સાકાર કરતી બેંક

બેંક તરફથી ધિરાણ લેતા **ખેડૂતોનો રૂા.૧૦ લાખનો અકસ્માત વિમો** તથા **પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના** અંતર્ગત વધારાનું **રૂા.૨ લાખ** મળી કુલ **રૂા.૧૨ લાખનું અકસ્માત વિમા** રક્ષણ આપવામાં આવે છે.

સહકાર થી સમૃધ્ધિ

બેંકના પૂર્વ ચેરમેન તથા હાલના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી માનનીય **શ્રી અમિતભાઈ શાહ સાહેબે** સતત ખોટ કરતી આ બેંકને માત્ર ૧ વર્ષના ટૂંકાગાળામાં નફો કરતી કર્યા બાદ તેમના અનુગામી વર્તમાન ચેરમેન **શ્રી અજયભાઈ પટેલ**ના નેતૃત્વ હેઠળ સતત વિકાસ કરતી બેંકની સને ૨૦૨૫-૨૬માં થયેલ પ્રગતિની ઝલક...

બેંકની આર્થિક સધ્ધરતાની આંકડાકીય માહિતી (રકમ રૂા.કરોડમાં)

વિગત	૩૧/૦૩/૨૦૦૦	૩૧/૦૩/૨૦૦૩	૩૧/૦૩/૨૦૧૫	૩૧/૦૩/૨૦૨૪	૩૧/૦૩/૨૦૨૫	૩૧/૦૩/૨૦૨૬
ટોટલ બિઝનેસ	૧૭૯૪.૭૫	૨૨૪૨.૭૩	૭૦૮૫.૮૪	૧૫૯૫૪.૨૭	૧૭૮૪૭.૨૫	૨૦૨૧૧.૬૪
ડિપોઝીટ	૧૩૩૦.૫૪	૧૫૨૫.૩૦	૪૫૫૫.૩૧	૯૭૬૯.૨૪	૧૦૫૮૬.૯૬	૧૧૯૨૫.૮૪
એડવાન્સીસ	૪૬૪.૨૧	૭૧૭.૪૩	૨૫૩૦.૫૩	૬૧૮૫.૦૩	૭૨૬૦.૨૯	૮૨૮૫.૮૦
કુલ ભંડોળ	૧૯૫.૮૨	૨૬૬.૦૫	૪૩૩.૩૭	૮૧૬.૦૮	૮૬૪.૨૨	૧૦૮૬.૬૦
ગ્રોસ એન.પી.એ.	૪૦.૨૯%	૨૮.૪૨%	૩.૯૭%	૦.૩૪%	૦.૨૫%	૦.૧૮%
નેટ એન.પી.એ.	૨૮.૩૮%	૧૭.૬૭%	૦%	૦%	૦%	૦%

(૩. કરોડ માં)

વિગત	૨૦૦૮-૦૯	૨૦૧૪-૧૫	૨૦૨૩-૨૪	૨૦૨૪-૨૫	૨૦૨૫-૨૬
ટોટલ બિઝનેસ	૪૯૯૬.૫૩	૧૨૨૯૦.૮૭	૨૧૩૩૭.૭૦	૨૩૦૩૧.૨૯	૨૫૩૦૯.૬૯
થાપણો	૩૨૦૯.૯૫	૬૩૬૮.૮૮	૧૨૦૧૨.૨૧	૧૩૬૦૬.૫૬	૧૫૫૯૫.૪૫
એડવાન્સીસ	૧૭૮૬.૫૮	૫૬૨૧.૬૬	૬૩૨૫.૪૯	૬૪૨૪.૭૩	૬૭૧૪.૨૪
કુલ ભંડોળ	૩૪૬.૩૯	૬૧૨.૬૪	૧૨૦૧.૬૭	૧૨૮૫.૫૨	૧૩૪૮.૧૪
ગ્રોસ એન.પી.એ (%)	૧૭.૬૩	૨.૨૦	૦.૬૮	૦.૩૪	૦.૨૭
નેટ એન.પી.એ. (%)	૬.૨૬	૦.૧૫	૦.૦૦	૦.૦૦	૦.૦૦

૩.૧ લાખ સુધીની સરલ કેશ ક્રેડીટ લોન (રૂપે ડેબિટ કાર્ડ), કાર લોન , હોમ લોન, બિઝનેશ લોન માટે અમારી નજીકની બ્રાંચનો સંપર્ક કરો

ટોટલ બિઝનેસ રૂ. ૨૫૩૦૯.૬૯ કરોડ | થાપણો રૂ. ૧૫૫૯૫.૪૫ કરોડ | એડવાન્સીસ રૂ. ૬૭૧૪.૨૪ કરોડ | નેટ પ્રોફિટ રૂ. ૬૬.૩૩ કરોડ | ગ્રોસ એન.પી.એ. ૦.૨૭ %

(૩૧-૧૦-૨૬) ટોટલ બિઝનેસ રૂા. ૨૧૭૦૫ કરોડ | ડિપોઝીટ રૂા. ૧૩૦૨૭ કરોડ | એડવાન્સીસ રૂા. ૮૬૭૮ કરોડ

(૩૧-૦૩-૨૬) ગ્રોસ એન.પી.એ. ૦.૧૮% | નેટ નફો રૂા. ૧૦૩.૭૧ કરોડ

'નાના માણસોની મોટી બેંક" તથા "No Customer - All are Bank's Family " ના સૂત્રને સાર્થક કરી ગ્રાહકોને શ્રેષ્ઠત્તમ સેવાઓ આપી પોતીકાપણાનો અહેસાસ કરાવતી અને કોર્પોરેટ સર્વિસ પૂરી પાડતી કો-ઓપરેટીવ બેંક

ધી ગુજરાત સ્ટેટ કો-ઓપ. બેંક લિ.
(શીડ્યુલ્ડ એપેક્ષ બેંક)

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ — ખેડૂત ખાતેદારો, સભાસદો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર — શ્રી અજયભાઈ એચ. પટેલ ચેરમેન

ધી અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેંક લિ.

શ્રી જગદીશભાઈ બી. પટેલ વાઇસ ચેરમેન — તથા સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, સભાસદો, ખેડૂત ખાતેદારો, ડિપોઝીટર્સ તથા સ્ટાફ પરીવાર — શ્રી અજયભાઈ એચ. પટેલ ચેરમેન